પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલે સોમનાથ સ્ટેશન પર ચાલી રહેલા વિકાસ કામોનું નિરીક્ષણ કર્યું

અમદાવાદ, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી આલોક કંસલે ભાવનગર ડિવિઝનના સોમનાથ સ્ટેશનની મુલાકાત લીધી હતી. જનરલેનેજર શ્રી કંસલે સ્ટેશન પર ઉપલબ્ધ પેસેન્જર સુવિધાઓનું આંકલન કર્યુ હતું. તેમણે સોમનાથ સ્ટેશન ખાતે પ્લેટફોર્મ પર ખાનપાન સ્ટોલ, પેસેન્જર વેઠીંટિંગ રૂમ, વોટર કુલર, વેઠીંટિંગ રૂમ, ઈવ્યાંગ ટ્રેલર, વેઠીંટિંગ રૂમપીવાના પાણીની સુવિધા, સ્ટેશન પર સ્વચ્છતા, કોચ ઈન્ડિકેટર. બુકિંગ ઓફિસ, ડિસ્પ્લે બોર્ડ અને કેટરિંગ સુવિધા, સ્ટેશન પર ઉપલબ્ધ થનારી વિવિધ સુવિધાઓ, કોચ ઈન્ડિકેટર બોર્ડ વગેરેનું પણ નિરીક્ષણ કર્યું. જનરલ મનેજરે રેલવે વિકાસ નિગમ લિમિટેડ (આરવીએનએલ) સાથે ડિવિઝન પર ચાલી રહેલા વિકાસ કામોના સંદર્ભમાં બેઠક કરી, સોમનાથ સ્ટેશન પર જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને તેમની સમસ્યાઓ સાંભળી અને જલ્દી ઉકેલ લાવવાની ખાતી આપી.

જનરલ મેનેજર શ્રી કંસલે ત્યાં હાજર તમામ સામાન્ય પ્રતિનિધિઓને કોરોના રસીના બંને ડોઝ લેવાનો આગ્રહ કર્યો હતો. વાર્તાલાપ દરમ્યાન તેમણે તે સૌને આ પણ જણાવ્યું કે જીવ છે તો વિશ્વ છે. તમે જીવ આપવાની વત ન કરો આ જીવન અણમોલ છે અને આપની સમસ્યાઓને જલદીથી દૂર કરવાના પ્રયાસો કરીશું. મુસાફરોને ઉપલબ્ધ પેસેન્જર સુવિધાઓના નિરીક્ષણ દરમિયાન તેમણે આ સુવિધાઓ વધારવા સંબંધિત અધિકારીઓને યોગ્ય સૂચનાઓ પણ આપી હતી.

અંજારમાં લૂંટમાં લેવાયેલ ગાડી અને બાઈક ચોરીના હોવાનું ખુલ્યુ

ભુજ, પૂર્વ કચ્છના અંજારમાં સોમવારે સાંજે થયેલી દર લાખની સનસનીખેજ આંગડિયા લૂંટ મામલે પોલીસને આજે લૂંટમાં ગયેલી કાર ભિનવારસી હાલતમાં મળી આવી હતી. પોલીસે કારનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે. અંજારમાં સોમવારે રાત્રિના સમયે દર લાખ રૂપિયાની થયેલી આંગડિયા લૂંટમાં લૂંટારુઓ જે મોટર સાયકલનો ઉપયોગ કર્યો હતો તે ચોરીનું હોવાનું જાણવા મળ્યું છે. લૂંટારુઓએ આ ચોરીનું મોટર સાયકલ પહેલા ભોગ બનનાર આંગડિયા પેઢીના સંચાલકની કાર સાથે અથડાવ્યું હતું અને ઝઘડો કર્યો હતો. આ સમયે જ આંગડિયા પેઢીના સંચાલકને કારની બહાર ખેંચી લૂંટારાઓ રોકડ રકમ સાથે કારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પૂર્વ કચ્છ એસપી મયુર પાટીલે જણાવ્યું હતું કે, જે મોટરસાયકલનો ઉપયોગ થયો છે તે મોટર સાયકલની અંજારના રામકૃષ્ણ મહાવીર નગરમાંથી બે દિવસ પહેલા ચોરી થઈ હતી. પોલીસ હાલ લૂંટારુઓને ઝડપવા અલગ અલગ દિશામાં તપાસ કરી રહી છે.અંજાર શહેરના ખત્રી ચોક પાસે શીતલ આઈસ્ક્રીમ પાછળ ૧૨ મીટર રોડ પર આવેલી એન. આર. આંગડિયા પેઢીના સંચાલક ભાવિન ઠક્કર સોમવારે મોડી સાંજે ઓફીસ વધાવી દર જવા કારમાં નીકળ્યા હતા, તેજ સમયે એક ડ્રેવહીલર સ્કૂટર (એક્ટિવા) સામેથી આવીને કાર સાથે અથડાયું હતું. જે અંગેની બોલાચાલી દરમિયાન બે અજાણ્યા ઈસમોએ આંગડિયા પેઢીના સંચાલક ભાવિન ઠક્કરને કારમાંથી બહાર કાઢીને કાર હંકારી ગયા હતા. કારમાં રહેલી રૂ. ૬૨.૮૮ લાખની રોકડ સાથે લૂંટારુઓ ફરાર થઈ જતાં સંચાલકે બૂમાબૂમ કરી મૂકી હતી. પણ લૂંટારુઓ હવામાં ઓગળી ગયા હતા. પોલીસે રાત્રિના સમયે જ જિલ્લામાં નાકાબંધી કરી તપાસ હાથ ધરી હતી. ત્યારે આજે સવારે લૂંટમાં ગયેલી કાર ભચાઉના ચીરઈ ગામ પાસેના ધોરીમાર્ગના સર્વિસ રોડના માર્ગની બાજુમાંથી ભિન વારસી હાલતમાં મળી આવી હતી.

જે પાર્ટી પાટીદારોનું સમર્થન નહીં કરે તેનો બહિષ્કાર : લાલજી પટેલ

અમદાવાદ

અનામત આંદોલન ચાલુ જ છે અને આ વખતે આંદોલન માટે કોઈ ચહેરો નહીં હોય. આંદોલન સમયે જે સાથીઓ હતા તેઓ જે રાજકીય પક્ષ સાથે જોડાયેલા છે તેમને રાજકીય નેતા અને અનામત આંદોલનકારી તરીકે બોલાવીશું. નીતિન પટેલ મહેસાણાના છે, અમારા ધારાસભ્ય છે એટલે તેમને સ્થાનિક પ્રશ્નોને લઈને રજૂઆતો કરતા જ હોય છે. આંદોલન વેગ પકડે ત્યારે સામ, દામ, દંડ, ભેદથી અમારા લોકોને પાર્ટીમાં સમાવી લે કે પોતાની તરફ લઈ લે, પણ અમે લડત ચાલુ રાખીશું. ભૂતકાળમાં થયેલી ભૂલો ન થાય એ બાબતને ધ્યાનમાં રાખીશું અને લડત ચાલુ રાખીશું.વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલનમાં સંકિય એવા સરદાર પટેલ સેવા દળ ગ્રુપ દ્વારા પાટીદાર આંદોલનમાં મૃત્યુ પામેલા ૧૪ પાટીદાર ભાઈઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ૨૯ ઓગસ્ટના રોજ આખા ગુજરાતમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં જ્યાં પાટીદારો વસે છે એ પોતાના ઘરે દીવો પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપો. સરદાર પટેલ સુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલે આજે પત્રકાર પરિષદ કરી જણાવ્યું હતું કે અમારા અનામત આંદોલનના અનામતના મુદ્દા સરકારે પૂરા કર્યા નથી. ચૂંટણી સમયે જ સરકાર તરફથી નોંધ લેવાતી હોય છે, પણ અમારી રજૂઆત ચાલુ જ છે. ચૂંટણીમાં મત એક જ અમારું હથિયાર છે, એટલે હવે જે રાજકીય પાર્ટી અમારું સમર્થન કે સહયોગ નહી કરે તેમને મત આપવાનો બહિષ્કાર કરીશું. લાલજી પટેલે આગળ ઉમેર્યું હતું કે સરકાર સત્તાનો ઉપયોગ કરીને બધા જ પ્રયાસ કરતી હોય છે, પણ અમને પરિણામ મળશે જ. લાલજી પટેલે કહ્યું , સરકાર દ્વારા ભૂતકાળમાં સમાજના વડીલોને સાથે રાખી ચર્ચા કરવામાં આવી હતી, જેમાં મૃતક પાટીદાર પરિવારોને સરકારી અને અર્ધસરકારી નોકરી આપવાનું વચન સરકાર ભૂલી ગઈ છે. પાટીદાર સમાજના યુવકો સામે થયેલી ફરિયાદો પણ પાછી ખેંચવામાં આવી નથી. શ્રદ્ધાંજલિ કાર્યક્રમ માટે પાટીદાર સમાજની સંસ્થાઓ ખોડલધામ કાગવડ અને ઊંઝા ઉમિયાધામના ટ્રસ્ટીઓને મળીને તેમનો સહયોગ પણ લેવાશે. પાટીદાર સમાજના અન્ય પડતર પ્રશ્નોને લઈને પણ ચર્ચા કરવામાં આવશે. પુંજ કમિશનનો રિપોર્ટ જનતા સમક્ષ મૂકવામાં આવે એવી પણ એસપીજીની માગ કરવામાં આવી છે .અમારી પાસે મત એ અમારું મુખ્ય હથિયાર છે, જે એક જ વિકલ્પ છે. રાજકીય પ્રેશરમાં પણ નિવેદનો આવતાં હોય છે, બહુમતી આવે એ નક્કી કરતા હોય છે. સમાજમાં બૌદ્ધિક લોકો છે , એટલે પોતાની તરફ વળવા માટે પ્રયાસ થતા જ હોય છે. તેમણે વધુમાં કહ્યું , કેન્દ્ર સરકારે ૯૩ બિલ પસાર કરી રાજય સરકારને મંજૂરી આપી છે. ૯૩ પંચમાં અનામત લાભ માટે અગાઉ રજૂઆત કરી છે. સમાજના વડીલો અને બૌદ્ધિક લોકો સાથે મીટિંગ કરીને પાટીદાર સમાજને ૯૩માં કાયદાકીય રીતે કઈ રીતે સમાવેશ કરવો એની ચર્ચા કરીશું. સરકાર સત્તામાં હોય ત્યારે સામ-દામ દંડનો ઉપયોગ કરે છે. અમારી સામે થયેલા કેસો હજી પાછા નથી લેવાયા, જેને લઈ અમે તમામ કેસોની ફાઈલ લઈ ગૃહમંત્રીને મળીશું અને કેસો પાછા ખેંચવા રજૂઆત કરીશું.

ચાંદખેડાની પરિણીતાની સાસરિયાઓનો ત્રાસની ફરિયાદ

અમદાવાદ, ચાંદખેડામાં રહેતા શીતલબેન પ્રિયદર્શી(૪૨)ના લગ્ન ૨૦૧૧માં ચાંદકેડામાં અર્થ પેરેડાઈઝ બંગલોઝ ખાતે રહેતા ભાવેશ પી.પટેલ(૪૭) સાથે થયા હતા. શીતલબહેન હાલમાં સેલ્સ ટેક્સ વિભાગમાં સીનીયર ક્લાર્ક તરીકે આશ્રમરોડની ઈફ્રમટેક્સ આશ્રમરોડની ઓફિસમાં નોકરી કરે છે.એએમટીએસમાં નોકરી જતા શીતલબહેનને કોઈ કારણસર મોડુ થાય તો પતિ તેમની પર શંકા કરીને ગાળો બોલતો હતો. સાસુની મરણવિધી બાદ પતિએ મકાન માટે ૨૫ લાખ ખુટે છે તારા બાપા પાસેથી લઈ આવ કહીને પરેશાન કરતો હતો.શીતલબહેને ઈંકાર કરતા પતિએ તેમને મારઝુડ કરી હતી. નણંદ અને દિયર પણ ભાવેશને ચઢામણી કરતા રહેતા હતા. આ અંગે તેમણે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પતિ ભાવેશ, સસરા પુરૂષોત્તમ એમ. લેઉવા, દિયર નેનેશ. દેરાણી નીલાબહેન તથા કૈલાશીની પટેલ સામે ગુનો નોધાવ્યો હતો. તે સિવાય પતિ વકીલ હોવાથી મારૂ પોલીસ કે કોર્ટ કશુ બગાડી નહી શકે,

કેસો ઘટતા રાજકોટમાં હોટલો ફુલ : સવારથી ટ્રાફિકજામના દેશ્યો

રાજકોટ, હવે કેસ ઘટતા અને છૂટછાટ મળતા રક્ષાબંધનના તહેવાર અને રવિવારના સંયોગ સાથે શહેરીજનોની સવારથી જ મુખ્યમાર્ગો પર ભીડ જોવા મળી હતી. સાથે શહેરની મુખ્ય બજારોમાં પણ હવે સાતમ-આઠમની ખરીદીની પણ રંગત જામી છે. રવિવારે શહેરના મુખ્યમાર્ગો ઉપર ટ્રાફિકના દ્રશ્યો જોવા મળ્યા હતા. કપડાંની બજાર, ઇલેક્ટ્રોનિક્સ બજાર, વાહનોના શો-રૂમમાં પણ નવા વાહન પણ મોટી સંખ્યામાં ખરીદાયા હતા. ફર્કુચ પણ રાત્રીના ૧૧ વાગ્યા સુધીનો હોવાથી ખાણીપીણીની બજાર અને શહેરમાં અને રાજકોટની ભાગોળે હોટેલ-રેસ્ટોરન્ટમાં પણ મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા હતા.રાજકોટને રંગીલું શહેર કહેવામાં આવે છે. રાજકોટિયન્સ માટે એવું કહેવાય છે કે તેઓ જિંદગીને મન ભરીને માણે છે. રંગીલો મિજાજ, ખાણીપીણીનો શોખ અને જલસાથી જીવતા માણસો છે રાજકોટવાસીઓ. ગુજરાતનો સૌથી પહેલો કોરોનાનો કેસ રાજકોટમાં ૧૯ માર્ચ, ૨૦૨૦ના રોજ નોંધાયો હતો ત્યારથી લઈને આજ સુધી એટલે કે ૫૨૦ દિવસની તહેવારબંધી બાદ રવિવારે રાજકોટવાસીઓએ પ્રથમ વખત રક્ષાબંધનનો પર્વ મન ભરીને માણ્યો હોય એવો માહોલ શહેરમાં જોવા મળ્યો હતો. મોટાભાગે રાજકોટના લોકો વતનમાં જઈને તહેવારની ઉજવણી કરતા હોય છે રવિવારે રાજકોટ શહેરની આસપાસના ગામ જેવા કે જેતપુર, ગોંડલ, વીરપુર, જૂનાગઢ, ઉપલેટા, જસદણ, મોરબી સહિતના ગામમાં જવા માટે વહેલી સવારથી સાંજ સુધી મુસાફરોનો ધસારો જોવા મળ્યો હતો. ૧૩ એકસ્ટ્રા બસ દોડાવાઈ હતી. રક્ષાબંધનના દિવસે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટીબસ સેવા અને મ્ઉજી બસ સેવામાં મહિલાઓને ફ્રી મુસાફરી કરવાની ભેટ આપવામાં આવી હતી. જેમાં શહેરની ૨૨,૦૨૩ મહિલાઓએ બસમાં ફ્રી મુસાફરી કરી મનપાએ આપેલ સેવાનો લાભ લીધો હતો. રક્ષાબંધન પર્વ નિમિત્તે શહેરના આસપાસના ફરવા લાયક સ્થળો પર લોકોની ભીડ જોવા મળી હતી.

જેમાં ન્યારી ડેમ, પ્રદ્યુમ્નપાર્ક, આજી ડેમ, રેસકોર્સ તેમજ મલ્ટિપ્લેક્સમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. નવી ફિલ્મ જોવા માટે લોકો પરિવાર સાથે આવીને ફિલ્મની મજા માણી હતી. સાથે શહેરની મુખ્ય બજારોમાં પણ હવે સાતમ-આઠમની ખરીદીની પણ રંગત જામી છે. રવિવારે શહેરના મુખ્યમાર્ગો ઉપર ટ્રાફિકના દ્રશ્યો જોવા મળ્યા હતા.

ડી બીઅર્સ ફોરેવરમાર્કે એના ૧૦માં વાર્ષિક ઈન્ડિયા ફોરમનું આયોજન કર્યુ

અમદાવાદ, ડી બીઅર્સ ફોરેવરમાર્કે ૨૪થી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી મુંબઈમાં એનું ૧૦માં વાર્ષિક ઈન્ડિયા ફોરમનું આયોજન કર્યું છે. વર્ચ્યુઅલ અને પર્સનલ એમ હાઈબ્રિડ ઈવેન્ટમાં આયોજિત આ ફોરમમાં ડાયમન્ડ બ્રાન્ડ ૮ ક્કક્ષ પાર્ટનર, હીરાના વેપારીઓ, ઉત્પાદકો અને ગ્રાહકો સુધી પહોંચી હતી. ચાલુ વર્ષની થીમ 'મેક લાઈફ બ્રિલિયન્ટ' ડી બીઅર્સના ઉદ્દેશને પ્રતિબિંબિત કરતી હતી. વળી બ્રાન્ડ એની બિલ્ડિંગ ફોરેવરની કટિબદ્ધતા તથા એના સાહસિક અનમહત્વાકાંક્ષી ૨૦૩૦ સસ્ટેઈનેબિલિટી લક્ષ્યાંકો સાથે જ્વેલરીની સદાભહાર ડિઝાઈનો માટે એના ડાયમન્ડ એના ગ્રાહકો, સમુદાયો અને પૃથ્વી માટે મેક લાઈફ બ્રિલિયન્ટ બનાવવાની ક્ષમતા ધરાવે છે એવી માન્યતા ધરાવે છે, જને આ ફોરમ વ્યક્ત કરે છે. આ ત્રણ દિવસની ઈવેન્ટ દરમિયાન ડી બીઅર્સે કેટલીક રોમાંચક અને મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી, જેમાં ફોરેવરમાર્કન નું નામ બદલીને ડી બીઅર્સ ફોરેવેર માર્ક સામેલ છે. નામમાં આ ફેરફારી બીઅર્સના બ્રાન્ડના વિસ્તૃત પરિવર્તનનો ભાગ છે, જે ગ્રાહકોને મહત્વપૂર્ણ સામાજિક, પર્યાવરણલક્ષી અને કંપની જે સ્થળો પર અને જે લોકો વચ્ચે કામ કરે છે તેમના માટે જવાબદાર સોર્સિંગની માન્યતા સાથે જોડવા પર કન્દ્રિત છે, જ્યાં કંપનીને હીરા મળે છે. –

વાઈબ્રન્ટ બિઝકોમ લિ. ડિજિટલ ઈન્ડિયા, વોકલ ફોર લોકલ દ્વારા કરશે આત્મનિર્ભર ભારતનું નિર્માણ



અમદાવાદ, વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડ (ISO 2015: 9001) એક પબ્લિક લિમિટેડ કંપની છે જેનું ૨૬ જૂન ૨૦૧૯ ના રોજ સંસ્થાપન થયેલ છે. વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડ ફ્યુચરિસ્ટિક, રિયલ એસ્ટેટ, ઈલેક્ટ્રોનિક્સ, હોમકેર અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ અને આયુર્વેદ પ્રોડક્ટ્સ જેવી વિવિધ શ્રેણીઓનો વ્યવસાય કરે છે. આજે કંપનીના સહ સ્થાપકો અને ડાયરેક્ટર્સ એ તેની વ્યૂહરચના અને ભવિષ્યની યોજનાઓની જાહેરાત કરી.

વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડના કો -ફાઉન્ડર અને ડિરેક્ટર શ્રી પંકિન પરીખે જણાવ્યું કે, "વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડની અમારી અનોખી પહેલની જાહેરાત કરતા અમને ગર્વ છે. અમારું મુખ્ય ફોકસ ૩ મુખ્ય મુદ્દાઓ પર છે - ડિજિટઈન્ડિયા મુહિમ, વોકલ ફોર લોકલ એટલે કે આપણા પોતાના ભારતીય અને સ્વદેશી ઉત્પાદકો / વેપારીઓને પ્રોત્સાહન આપવા અને ત્રીજું છે "મૈં ભી આત્મનિર્ભર" અભિયાન.." ડિજિટલ ઈન્ડિયા અભિયાનના ભાગરૂપે, વાઈબ્રન્ટ બિકોમ લિમિટેડએ તેનું ડિજિટલ કેટલોગ લોન્ચ કર્યું છે જે ઈલેક્ટ્રોનિક્સથી લઈને વિવિધ શ્રેણીના હોમકેર ઉત્પાદનો તથા પર્સનલ કેર ઉત્પાદનો પર વિગતવાર માહિતી આપી અને એના વેચાણ માટેનું એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ છે.વોકલ ફોર લોકલ ઝુંબેશમાં, વાઈબ્રન્ટ બિઝકોમ લિમિટેડ સ્થાનિક ઉત્પાદકો અને વેપારીઓને વિશિષ્ટ ડિજિટલ પ્લેટફોર્મ પુરું પાડે છે, જે તેને હજારો ઘરોમાં ડિજિટલ રીતે પહોંચવા માટે સક્ષમ બનાવે છે. (૧૯-૮)

એમેઝોન પ્રાઇમ વીડિયોએ ફ્રન્ટલાઇન કામદારોને શ્રદ્ધાંજલિ આપવા મુંબઈ ડાયરીઝ ૨૬/૧૧નું ટ્રેલર લોન્ચ કર્યું



અમદાવાદ, આ ટ્રેલરનું લોકાર્પણ ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં મહારાષ્ટ્રના પર્યાવરણ અને પર્યટન અને પ્રોટોકોલના માનનીય મંત્રી શ્રી આદિત્ય ઠાકરેની હાજરીમાં આપણાં ફ્રન્ટલાઇન કામદારો અને નાયકોને શ્રધાંજલિ આપવા માટે કરવામાં આવ્યું હતું. નિખિલ અડવાણી દ્વારા બનાવવામાં આવેલું અને એમ્માય એન્ટરટેઇનમેન્ટ દ્વારા નિર્મિત, મુંબઈ ડાયરીઝ ૨૬/૧૧ એ ૨૬/૧૧ આતંકવાદી હુમલાની પૃષ્ઠભૂમિ સામે સેટ કરવામાં આવેલું એકાલ્પનિક નાટક છે તે ફ્રન્ટલાઇન યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપે છે. કોંકણા સેન શર્મા, મોહિત રૈના, ટીના દેસાઈ, શ્રેયા ધનવંતરી, સત્યજીત દુબે, નતાશા ભારદ્વાજ, મૃન્મયી દેશપાંડે અને પ્રકાશ બેલાવાડી અભિનીત આ શો ૯ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ ૨૪૦થી વધુ દેશો અને પ્રદેશોમાં રિલીઝ થશે

એમેઝોન પ્રાઇમ ઓફર કરે છે નવીનતમ અને વિશિષ્ટ મૂવીઝ, ટીવી શો, સ્ટેન્ડ-અપ કોમેડી, એમેઝોન ઓરિજિનલ્સ, એમેઝોન પ્રાઇમ મ્યુઝિક દ્વારા સાંભળવામાં આતું એડ-ફ્રી મ્યુઝિક, ભારતના સૌથી મોટા પ્રોડક્ટ્સ સિલેકસન પર મફત ફાસ્ટ ડિલિવરી, ટોપ ડિલ્સ માટે અર્લી એક્સેસ, પ્રાઇમ ગેમિંગ સાથે પ્રાઇમ રીડિંગ અને મોબાઇલ ગેમિંગ કન્ટેન્ટ સાથે અમર્યાદિત વાંચન સાથે અવિસ્સનીય મૂલ્ય પ્રદાન કરે છે, જે તમામ વાર્ષિક ૯૯૯ રૂપિયાના સભ્યપદ દ્વારા ઉપલબ્ધ છે. ગ્રાહકો પ્રાઇમ વીડિયો મોબાઇલ એડિશનમાં સભ્યસ્કાઇબ કરીને ઈઉઈંદ્વી પણ જોઈ શકે છે. પ્રાઇમ વીડિયો મોબાઇલ એડિશન એ સિંગલ-યુઝર, મોઇલ-ઓનલી પ્લાન છે જે હાલમાં એરટેલ પ્રીપેડ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. (૧૯-૮)

KRL
Kintek Renewables

કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ સંખ્યા: L४०१०५GJ१८८५PLC०१३२५४
રજિસ્ટર્ડ ઓફિસ: કિન્ટેક હાઉસ, ૮, શિવાલિક પ્લાઝા, એ.એમ.એ. ની સામે, આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ - ३८००१५, ગુજરાત
ટેલિ.: (०७८) १६३०३०६४; વેબસાઇટ: www.kintechrenewables.com;
ઈમેલ: cs@kintechrenewables.com

૩૬મી વાર્ષિક સામાન્ય સભા કે જે વીડિયો સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝુઅલ મીન્સ(''ઓવીએમ'') દ્વારા યોજવા અંગેની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ (કંપની) ના સભ્યોની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦વાગે વીડિયો સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝુઅલ મીન્સ(''ઓવીએમ'') દ્વારા યોજવામાં આવશે કે જેમાં વાર્ષિક સામાન્ય સભા ની જાણ કરતી નોટિસ તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૧ માં જણાવેલ કામકાજો અંતર્ગત રાખવામાં આવેલ છે.

હાલના સતત કોવિડ-૧૯ દેશવ્યાપી રોગચાળાને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર, કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તેના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ના તા. ૦૮ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/ ૨૦૨૦ના તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નંર૦/ ૨૦૨૦ના તા. ૦૫ મે ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ના તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ અને સેબીના પરિપત્ર તા. ૧૨ મે, ૨૦૨૦, તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ ("પરિપત્રો") માં AGM કોઈપણ સભ્યોની ભૌતિક હાજરી વગર વીડિયો સંગઠન ("વીસી") અથવા અન્ય ઓડિયો વિઝુઅલ મીન્સ("ઓવીએમ") દ્વારા યોજવાની મંજૂરી આપી છે.

પરિપત્રો અનુસાર, વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ સાથે ઈ-વોટિંગ અંગેના સૂચનો અને AGMની નોટિસ ફક્ત એવા સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા ટૂંક સમયમાં મોકલવામાં આવશે કે જેમના ઈ-મેઈલ સરનામાંઓ ડિપોઝિટરી / કંપનીમાં નોંધાયેલ છે. AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ કંપનીની વેબસાઈટ એટલે કે www.kintechrenewables.com, સ્ટોક એક્સચેંજની વેબસાઈટ www.bseindia.com અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ લિમિટેડ ("CDSL") ની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે. AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ ની ભૌતિક નકલો મોકલવાની જરૂરિયાત ઉપરના પરિપત્રો મુજબ દૂર કરવામાં આવી છે.

સભ્યોને ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજન્ડેમની નોટિસમાં જણાવ્યા મુજબ ઠરાવો પર રિમોટ ઈ-વોટિંગ થી અને બેઠક દરમિયાન મત આપવાની તક મળશે. એજન્ડેમમાં ઠરાવો પર મત આપવાની રીત નીચે મુજબ છે અને તેના નિયમોની જોવાઈઓ અનુસાર જરૂરી વિગતો અહી નીચે મુજબ આપવામાં આવી છે:

૧ AGMમાં ઠરાવો પર મત આપવાની રીત	નોટિસ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને સભ્યમાં ભાગ લેનારા સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ નોટિસ દરમિયાન તેમના નિયંત્રકનો ઉપયોગ કરી શકશે. જે સભ્યોએ તારીખ ૧લાના જ મતદાન કરી દીધું છે તેઓ સભામાં મત આપવા માટે હકદાર રહેશે નહીં. વધુ વિગતો માટે, સભ્યોને કંપનીની વેબસાઈટ https://kintechrenewables.com/36th-agm_2020-21/#1537950741494-582cd995-b7a પર ૩૬ મી AGM-ની સૂચનાનો સંદર્ભ લેવા વિનંતી છે.
૨ ઈ-મેઈલ સરનામું અને બેંક વિગતોની નોંધણીની રીત	જે સભ્યોએ હજી સુધી તેમના ઈ-મેઈલ સરનામાં રજીસ્ટર કરાવ્યા નથી અને તેમની બેંક વિગતો અપડેટ કરી નથી તેમને AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧ ઈલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા માટે નીચે જણાવેલ પ્રક્રિયાને અનુસરવા વિનંતી છે : ૧. ભૌતિક સિક્યિરિટીઝ ધરાવતા સભ્યો માટે: ફોલિયો દીઠ જરૂરી વિગતો પૂરી પાડો જેમ કે શેરધારકનું નામ અને ફોલિયો નં., શેરધારકનું નામ ધરાવતા રદ થયેલ બેંકની સ્વ-પ્રમાણિત સેન કરેલી નકલ અને PAN ની સ્વ-પ્રમાણિત નકલ સાથે સહી કરેલ વિનંતી પત્ર ઈ-મેઈલ દ્વારા cs@kintechrenewables.com પર અથવા સભ્યો નીચેની લિંકને અનુસરીને ફોર્મ ડાઉનલોડ કરી શકે છે અને એમઓએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ (કંપનીના આરટીએ) ને સબમિટ કરી શકે છે. https://kintechrenewables.com/wp-content/uploads/2021/01/Updation-of-Information_Shareholders_KRL_Final.pdf ૨. ડિમેટ સિક્યિરિટી ધરાવતા સભ્યો તેમના ડિપોઝિટરી સહભાગીઓ ને સંપર્ક કરીને તેમના ઈ-મેલ આ સરનામાં ની નોંધણી કરાવી શકશે અને બેંક વિગતો માં સુધારા કરી શકશે.

બોર્ડના આદેશ દ્વારા
કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ વતી,
હર્ષલ ગાંધી
કંપનીના સચિવ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૭ઓગસ્ટ, ૨૦૨૧

ગુજરાત નેચરલ રીસોર્સીસ લીમીટેડ

સીન: L27100GJ1991PLC016158
રજીસ્ટર ઓફીસ : ૩જો માળ, એ વિંગ, ગોપાલ પેલેસ, ઓસીઅન પાર્ક સામે, નહેરુનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં.: ૦૭૯-૪૦૦૨૯૯૦૯,
ઈમેઈલ: info@gnrl.in વેબસાઈટ: www.gnrl.in

નોટીસ

ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ડિમેટ એકાઉન્ટમાં કંપનીના ઈક્વિટી શેર્સ અને દાવો નહી કરાયેલુ ડીવીડન્ડ ટ્રાંસફર કરવા માટે

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે, કંપની એક્ટ ૨૦૧૩ની જોગવાઈ અનુચ્છેદ ૧૨૪(૬)ની સાથે ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ઓથોરીટી (હીસાબી,ઓડીટ, ટ્રાન્સફર અને રીફંડ) નિયમ ૨૦૧૬ અને (આઈઈપીએફ ના નિયમ)માં સમયાંતરે થતા રહેતા ફેરફારો કોર્પોરેટ અફેર્સ મીનીસ્ટ્રીના જાહેરનામાં મુજબ ઝળંગ સાત વર્ષે સુધી શેરહોલ્ડર મારફતે તેના શેર બાબતે ડીવીડન્ડની બાબતમાં કોઈ દાવો કર્યો ન હોય તેવા તમામ શેર કંપની તરફથી ફેરબદલ કરવાની ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) ઓથોરીટીને ફેરબદલ કરવાના રહેશે.

આ નિયમ પ્રમાણે સળંગ સાત વર્ષે સુધી શેરહોલ્ડર મારફતે તેના ડીવીડન્ડની માટે દાવો ન કર્યો હોય આ નાંણાકીય વર્ષ ૨૦૧૩-૧૪થી શરૂ થાય છે. તેમના શેર કે જ આઈઈપીએફને તબદીલ થવાને પાત્ર છે તે શેર હોલ્ડરસેને એમના શેર્સ નો દાવો કરવા વિનંતી તે શેર હોલ્ડરોની માહીતી કંપનીની વેબસાઈટ www.gnrl.in પર ઉલબ્ધ છે.

કંપનીએ આવા શેરહોલ્ડરો કે જેમણે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪થી સળંગ અત્યાર સુધી ડીવીડન્ડ ન લીધુ હોય તેમને માહીતી આપી છે. શેરહોલ્ડરોને જે પત્ર મોકલવામાં આવ્યો છે તેમાં બતાવેલી પધ્ધતિ પ્રમાણે શેરહોલ્ડરો નહી ચુકવાયેલ ડીવીડન્ડ વોરંટ માટે ડુપ્લીકેટ વોરંટ માટે અરજી કરવાની વિનંતી કરવામાં આવે છે.

શેરહોલ્ડરોને વિનંતી કરવામાં આવે છે કે એ બાબતની નોંધ લે કે સંબંધ કર્તા શેર હોલ્ડર તરફથી તા.૧૫મી નવેમ્બર ૨૦૨૧ સુધીમ